# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૮૨ તા.૨૦-૧૧-૧૯

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- Digital Gujarat Portal પર પ્રિમેટ્રીક શિષ્યવૃત્તિ/ગણવેશ સહાય યોજનાની બાકી રહેલ દરખાસ્ત મોકલવા બાબત.

સંદર્ભ :- નં જિ. નાનિ/વિજાક/પ્રિ.શિ./૨૦૧૯-૨૦/૪૬૨૮ તા.૧૩-૧૧-૧૯નો પત્ર

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય તથા સંદર્ભે જણાવવાનું કે, રાજય સરકાર તથા ભારત સરકારશ્રીની યોજનાઓ અંતર્ગત લાભાર્થી વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ સહાયનો લાભ સીધા તેઓના બેંક ખાતામાં એક જ જગ્યાએથી ડાયરેકટ બેનીફીટ ટ્રાન્સફર(DBT)થી ચૂકવી શકાય તે હેતુથી રાજય સરકારશ્રી દ્વારા Digital Gujarat Portal ડેવલોપ કરવામાં આવેલ છે. ડીજીટલ ગુજરાત પોર્ટલમાં હાલ કેટલીક શાળાઓ દ્વારા દરખાસ્ત બનાવીને મોકલવામાં આવી નથી. જેના કારણે ગરીબ અને આર્થિક રીતે પછાત વર્ગના બાળકો શિષ્યવૃત્તિ / ગણવેશ સહાયથી વંચિત ન રહી જાય તે માટે વિદ્યાર્થીઓના હિતમાં જે દરખાસ્ત મોકલવાની બાકી હોય તો તાત્કાલિક બનાવીને મોકલવી. જેથી આગળની કાર્યવાહી સમયસર શિષ્યવૃત્તિ / ગણવેશ સહાયનું ચૂકવણું કરી શકાય. જો પુરાવા પુરતા ન હોય અને દરખાસ્તમાં નામ હોય તો તેની પુર્તતા કરવી અથવા તેને મળવાપાત્ર શિષ્યવૃત્તિ / ગણવેશ સહાય થતી ન હોય તો આપની કક્ષાએથી તે નામ ડીલીટ કરવાની કાર્યવાહી કરશો.

તા.૨૦-૧૧-૨૦૧૯

ડૉ. એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી